# આનંદાલય

## વાર્ષિક પરીક્ષા

## ધોરણ – ૮

विद्या सर्वार्थ साधिका

વિષય : ગુજરાતી | કુલ ગુણ: ૨૦

તા: ૧૯.૦૨.૨૦૨૪ | સમય: ૧ કલાક

નામ ______________________ ધોરણ: ________ ક્રમાંક : ________

**પ્રશ્ન:૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ બે ત્રણ વાક્યમાં લખો .** **૨×૪=૮**

૧ પિરામિડનો આકાર ઉપરથી અણીદાર કેમ રાખવામાં આવતો હતો ? તે જણાવો.

૨ ‘માધવ ક્યાંય નથી મધુવનમાં’ કાવ્યમાં કોની કોની વચ્ચે સંવાદ દર્શાવવામાં આવ્યો છે?

3 સ્વામી વિવેકાનંદ સફળતા અંગે શું કહેતા હતા ?

૪ શહીદવીર સાવરકરે 'મિત્રમેલા' નામનાં જૂથની રચના શા માટે કરી હતી ?

| |
|---|
| |
| |
| |
| |

૫ આઇન્સ્ટાઇને  કેવી રીતે સફળતા પ્રાપ્ત કરી ? તે જણાવો.

| |
|---|
| |
| |
| |
| |

૬ સ્વામી વિવેકાનંદ ગુરુની શોધમાં શા માટે ખૂબ ભટક્યા હતા ? તે જણાવો.

| |
|---|
| |
| |
| |
| |
| |

૭ મજૂરોએ પિરામિડમાં સુરંગો શા માટે બનાવી હતી ?

| |
|---|
| |
| |
| |
| |
| |

૮ ગોપીઓ માતા જશોદાને કૃષ્ણની કેવી ફરિયાદ કરતા હતા ? તે લખો.

| |
|---|
| |
| |
| |
| |
| |

**પ્રશ્ન:૨ સુચના પ્રમાણે જવાબ લખો.**

**(અ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો .** **૧×૨=૨**

| | | |
|---|---|---|
| ૧ | મિત્ર | |
| ૨ | વિશ્વ | |

**(બ) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો.** **૧×૨=૨**

| | | |
|---|---|---|
| ૧ | માતા | |
| ૨ | જીવન | |

**પ્રશ્ન:3 (અ) નીચે આપેલી ખાલી જગ્યા પૂરો .** **૧×૨=૨**

૧ ભગવાન શ્રીકૃષ્ણ ______________ ની ડાળી પર બેસી વેણુ વગાડતા હતાં.

૨ સ્વામી વિવેકાનંદનું સાચું નામ ______________ હતું.

**(બ) નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** **૧×૨=૨**

| | | |
|---|---|---|
| ૧ | પરીષદ | |
| ૨ | પીરામીડ | |

**પ્રશ્ન:૪ નીચે આપેલી વાર્તા વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **૧×૪=૪**

એક સાબર હતું. તે સાબરનાં રૂપાળાં શીંગડાં હતા. સાબરને તેના શીંગડાનું ખૂબ અભિમાન હતું. તેને સાબરના ટોળામાં ગમે નહિ. કાયમ તે પોતાના સાથીદારોથી અલગ થઈ એકલું એકલું ફરે. એક દિવસ સાબર નદી કાંઠે ઉગેલું લીલું લીલું તાજું ઘાસ ચરતું હતું. ઘાસ ખાઈને સાબર પાણી પીવા નદી કિનારે ગયું. નદીનું પાણી કાચ જેવું ચોખ્ખું હતું. સાબરે પાણી પીવા જતાં પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. તેને થયું, વાહા કેવાં સુંદર મારાં શીંગડાં છે ! માથે જાણે મુગટ પહેર્યો હોય તેવાં શોભે છે ! પણ મારા આ પગ કેવા પાતળા! મને એ બેડોળ કરી મૂકે છે, એનું જ મને દુઃખ છે.

પોતાના મોટા શીંગડાના અભિમાનથી તે પોતાના બીજાં સાથીઓથી જુદું પડી હંમેશા એકલું ફરતું. પોતાના સાથીઓનાં નાનાં શીંગડાં

જોઈ તેની મજાક ઉડાવતું. એક દિવસ તે ઘાસ ચરતું હતું. તે સમયે નજીકમાં જ ધ્રુજાવી દે એવી પરિચિત વાસ તેને આવી. તે કંઈ સમજે તે પહેલાં વાવાઝોડાંની જેમ દોડી આવતા બે ખૂંખાર વાઘ જોયા.

સાબર તો છલાંગ મારતું જાય અને ભાગતું જાય. બંને વાઘ તેનો પીછો કરતા તેની પાછળ પડ્યા. પોતાનો જીવ બચાવવા સાબર આગળ ને આગળ દોડતું જાય. ઝડપથી દોડવામાં એના પાતળા પગે એને ખૂબ મદદ કરી. તે વાઘથી ઘણું આગળ નીકળી ગયું ને ગીચ જંગલમાં આવી પહોંચ્યું. ત્યાં અચાનક જાણે કોઈએ તેને પકડીને દોડતું અટકાવ્યું હોય તેવું તેને લાગ્યું.

સાબરે જોયું કે એનાં શીંગડા ગીચ જંગલનાં ઝાડની ડાળીઓમાં ભરાઈ ગયાં છે. તેણે ડાળીઓમાંથી શીંગડાં કાઢવા ખૂબ મહેનત કરી પણ તેનાં વાંકાંચૂકાં શીંગડાં એવા ભરાઈ ગયા કે તે નીકળ્યાં જ નહિ. સાબરને થયું, મારા આ દૂબળા પાતળા પગને મેં હંમેશા ખોટા માન્યા આજે એજ પાતળા પગે મને વાઘના પંજામાંથી બચાવ્યું. પણ મને જે શીંગડાંનું અભિમાન હતું. એ શીંગડાં જ મારાં દુશ્મન બન્યાં. ખરેખર તો જે ચીજ આપણને મદદ કરે તેમ હોય તેનું રૂપ કે દેખાવ ન જોવો જોઈએ અને જે ચીજ આપણને મુસીબતમાં મૂકી દે તેમ હોય તે ગમે તેટલી રૂપાળી હોય તો પણ તેનાથી ખૂબ સાવચેત રહેવું જોઈએ.

આમ બરાબર વિચાર કરતું હતું ત્યાં જ તેના સારા નસીબે શીંગડું તૂટી ગયું અને તે પોતાના પાતળા પગની મદદથી નાસીને પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યું.

૧ સાબર પોતાના ટોળાથી શા માટે અલગ થઈને ફરતું હતું ?

૨ સાબરને ઝડપથી ભાગવામાં કોણે મદદ કરી ? તે જણાવો.

| |
|---|
| |
| |
| |
| |

3 સાબરનાં શીંગડાં ક્યાં ભરાય ગયા હતા ? તેને કાઢવા માટે સાબરે શું કર્યું ?

| |
|---|
| |
| |
| |
| |

૪ સાબરની પાછળ અચાનક કોણ પડ્યું ?

| |
|---|
| |
| |
| |
| |